ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૨૩/૭૨૨/છ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૬/૨૦૨૩.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સિંગલ ફાઈલ પર મળેલ મંજુરી.

**આમુખ:-**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૬(૩) અને વિનિયમ ક્રમાંક-૮(ખ)(૩)માં સુધારો કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૧) માં દર્શાવેલ સિંગલ ફાઈલ રજૂ કરેલ હતી. તે પરત્વે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૬(૩) અને વિનિયમ ક્રમાંક-૮(ખ)(૩)માં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૬(૩) અને વિનિયમ ક્રમાંક-૮(ખ)(૩)માં હાલની જોગવાઈને બદલે આ સાથે સામેલ પત્રકના કોલમ-૪ મુજબ સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની સિંગલ ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૦૫/૦૬/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(નિયામકશ્રી શાળાઓની કચેરી મારફતે)

❖ સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
❖ સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
❖ સિલેક્ટ ફાઈલ.

# પત્રક

## શિક્ષણ વિભાગના તા. ૦૮/૦૬/૨૦૩૨ના ઠરાવ ક્રમાંક: મશબ/૧૨૧૦/૧૩૬૨/છ સાથેનું પત્રક

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૬(૩) | બોર્ડની અભ્યાસ સમિતિ, હોય તો તે સિવાયની તમામ સમિંતિઓના સભ્યોના હોદ્દાની મુદ્દત બે વર્ષની રહેશે અને અભ્યાસ સમિતિના સભ્યોના હોદ્દાની મુદ્દત જે તારીખે સભ્યોની નિમણૂંક કરવામાં આવે તે તારીખથી ત્રણ વર્ષની રહેશે. | બોર્ડની હાલ કાર્યરત છે તેવી (૧)કારોબારી સમિતિ (૨)શૈક્ષણિક સમિતિ (૩)પરીક્ષા સમિતિ અને (૪)નાણાં સમિતિના સભ્યોની હાલની મુદ્દત જે બે વર્ષની છે તથા (૫)અભ્યાસ સમિતિના સભ્યોની હાલની મુદ્દત ત્રણ વર્ષની છે તેમાં ફેરફાર કરીને આ તમામ સમિતિના સભ્ય/સભ્યોની નિમણૂંક થયેલ હોય કે થવાની હોય તે તારીખથી ૧ વર્ષની રહેશે અને તે નિયમ ચાલુ વર્ષથી જ લાગુ પડશે. |
| ૨ | ૮(ખ)(૩) | આવી સમિતિના હોદ્દાની મુદ્દત વિનિયમ નંબર-૬(૩)માં ઠરાવ્યા પ્રમાણે ત્રણ વર્ષની રહેશે. | રદ કરવામાં આવે છે. |